P G V C L

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડલ જી કે જનરલ હોસ્પિટલલ સામેલભુજ

ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં:કેસી/સીજીઆરએફ/૨૦૨૩/27 તારીખ: 24/3/23

રજી. એ. ડી. દ્વારા

પ્રતિશ્રી,

ગાયત્રી મીનરલ્સ

પ્લોટ નંબર ૧૪-૧૫

સોનાલી પાર્ક

આરટીઓ રીલોકેશન સાઈડ

મોબાઇલ નંબર:- ૯૪૨૬૨૧૭૫૪૬

વિષય :-કેસ નંબર પીજી ૦૩/૦૦૨/૨૦૨૨-૨૩

સંદર્ભ :- આપની અરજીનોંધણી નં. પીજી૦૩/૦૦૨/૨૦૨૨-૨૩

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારૂં.

કન્વીનર

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) કાર્યપાલક ઈજનેર,પીજીવીસીએલ,વિભાગીય કચેરી,ભુજ

(૨) નાયબ ઇજનેરશ્રી,પીજીવીસીએલ,પેટા-વિભાગીય કચેરી, કુક્મા

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી.કે.જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન નંબર ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ષ ૦૨૮૩૨-૨૫૦૦૪૮
Email - forumbhuj.pgvcl@gebmail.com.

કેસી/સીજીઆરએફ/૨૦૨૩ તા. / /૨૦૨૩

---

૨૦૦૩ના ભારતીય વિજળી અધિનિયમની કલમ૪૨ (૫) તેમજ ગુજરાત વિધ્યુતનિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG03-002-2022-23

**ગાયત્રી મીનરલ્સ ના પ્રતિનિધિ**
**શ્રી ઈશ્વરલાલ એમ.વેલાણી**
ગામ:- કુકમા, તા:- ભુજ, જી:-કચ્છ................**અરજદાર.**

**વિરુધ્ધ**

**કાર્યપાલકઈજનેરશ્રી,**
પીજીવીસીએલ વિભાગીય કચેરી, ભુજ-કચ્છ............**સામાવાળા.**

બાબત:- સ્લો મીટર મુજબના બીલના અંગે...

અરજદાર તરફે :- **શ્રી ઈશ્વરલાલ એમ.વેલાણી**

સામેવાળાના તરફે :- શ્રીએચ.યુ.ગુસાઈ (કાર્યપાલક ઈજનેર)
પીજીવીસીએલ વિભાગીય કચેરી, ભુજ

કોરમ: (૧) શ્રીબી.પી.બૂચ - **ચેરપર્સન**
(૨) શ્રીઆર.જી.કુંપાવત – **સ્વતંત્રમેમ્બર**
(૩) શ્રીપી.સી.કાલરીયા – **મેમ્બરટેક**

સુનાવણી સ્થળ:- કોન્ફરન્સહોલ, પીજીવીસીએલ વર્તુળ કચેરી, ભુજ
તા.: ૧૬/૦૨/૨૦૨૩

# ઠરાવ

આ કામના અરજદારશ્રીની અરજી ની હકીકત એવી છે કે ગ્રાહક પીજીવીસીએલ કુકમા પેટા વિભાગીય કચેરી માં ગ્રાહક નંબર ૬૦૫૧૫/૦૦૫૩૮/૦ માં ચાઈના ક્લે ઉત્પાદન હેતુનું ૧૦૦ કે.વી.નું ઔદ્યોગિક વપરાશ વીજ કનેક્શન ધરાવે છે.અરજદારના જણાવ્યા મુજબ તેઓને તા.૨૫.૦૧.૨૦૨૨ ના રોજ સદર મીટરમાં ડિસ્પ્લે બરોબર ન આવતો હોવાથી કુકમા પેટા વિભાગીય કચેરી દ્વારા મીટર બદલેલ તેમજ R ફેઝ PT કપાયેલ તેમજ Y ફેઝ ને પેટીની અંદર વાયરીંગને કાતરેલી જણાયેલ. બાકી મીટર,પેટી સીલ,અન્ય વાયરિંગ બરોબર જણાયેલ, જેથી સદર મીટર સ્થળ પર ૮૩.૭૦% સ્લો દર્શાવેલ અને લેબ રીપોર્ટ મુજબ આગળની કાર્યવાહી કરવાનું જણાવેલ.તા.૧૧/૦૩/૨૦૨૨ના લેબ રોજકામ થયેલ પરંતુ તેની નકલ મળેલ ન હતી જેની માંગણી વારંવાર રૂબરૂ તેમજ લેખીત રજૂઆત કરેલ. ત્યારબાદ કુકમા પેટા વિભાગીય કચેરી ના પત્ર નં.૫૨૨ તા.૨૨/૦૨/૨૦૨૨થી મીટર ઓગસ્ટ ૨૦૨૧ થી જાન્યુઆરી -૨૨ સુધીનું છ માસનું ૮૩.૭૦% સ્લોનેશનું રૂ.૧૮૭૪૯૧૪.૩૩નું બીલ જેમાં ફિક્સ્ડ ચાર્જ માં પણ વધારાની વસુલાત દર્શાવેલ છે એ બે રીતે અન્યાય કર્તા છે.એપ્રિલ-૨૦ થી ઓક્ટો-૨૨ સુધીની એવરેજ જોતા કોરોનાની અસરને કારણે માંગ ઓછી હોવાથી તેમજ સ્ટાફની અછત ને લીધે એકજ શિફ્ટમાં પ્લાન્ટ ચાલતો હતો. જેથી સ્લોનેસના બીલમાં વાંધો હોતા પત્ર નં.---- તા.૧૧/૦૩/૨૦૨૨ થી તે અંગેના જરૂરી આધારો જેવાકે ચેકિંગ સીટ,લેબ રોજકામ, MRI વગેરે રીપોર્ટ અગાઉ મળેલ ન હોતા સદર પત્રથી માંગેલ જે નાછૂટકે વિભાગીય કચેરીથી રૂબરૂ લેવાની ફરજ પડેલ અને આ પૂરવણી બીલ મે-૨૨ના બીલમાં ઉધારાઇને આવતા વિગતવાર રજૂઆત કરવાની ફરજ પડેલ.સદર કેસમાં જરૂરી આધારપુરાવા નિયત સમયે ના મળતા રજુઆતમાં વિલંબ થયેલ છે.સદર સંપૂર્ણ આધારો નિષ્ણાતોને બતાવતા વીજ વપરાશ, વીજ સ્થાપન સ્થળ તેમજ બીલીન્ગ માં નિયમિત છે માત્ર ખિસકોલીના માળા પરથી ફલિત થાય છે કે જે તેમનાથી આકસ્મિક રીતે વાયરીંગને નુકશાન પામેલ છે, જેમાં ગ્રાહક દ્વારા વાયરિંગમાં ફેરફાર કરેલ નથી. ખિસકોલી કે અન્ય દ્વારા વાયરિંગ ને કારણે બોક્ષને ક્ષતિ ન થાય તે પીજીવીસીએલની ખામી દર્શાવે છે, જેથી વધારા બીલ ગ્રાહકને ભરવાના રહેતા નથી.તેમ છતાં વાયરિંગમાં નુકશાન ને કારણે માત્ર એક માસ પૂરતું જ થવું જોઈએ. તદુપરાંત ગ્રાહકનું અલાયદું ટ્રાન્સફોર્મર હોતા તેમજ પોલ પર અલગ મીટર હોતા તેના ડેટા પરથી સાચું અનુમાન થઇ શકે છે. હાલના આધુનિક સ્ટેટિક મીટર તેમજ MRI રીપોર્ટની ફેસેલીટી ઉપલબ્ધ હોય ત્યારે બીલ આકરણીમાં દર્શાવેલ મુજબ ૮૩.૭% સ્લોનેશ કાયમી બનાવી સળંગ પૂરવણી વધારાનું બીલ આપવું કુદરતના ન્યાય થી વિરુધ્ધ એકતરફી થયેલ છે.સદર કેસમાં ફિકસ ચાર્જસ ૧૦૦ કે.વી. મુજબ અગાઉ ભરાયેલ છે,જેમાં ફેરફાર થયેલ ન હોતા વધારાના વીજ આકારણીમા લેવાનો પ્રશ્ન રહેતો નથી. સદર રકમ રનીંગ બીલમાં ચડાવેલ હોતા સુધારા માટે જે બાબતે કુકમા પેટા વિભાગીય કચેરીએ વારંવાર જવું પડતું હોઈ સદર બાબતે સકારાત્મક પ્રત્યુત્તર અને યોગ્ય દાદ મેળવવા ગ્રાહક તકરાર નિવારણ ફોર્મમાં અરજી કરવાની ફરજ પડેલ છે.આમ, આમારો વાંધો નજરમાં લઇ સુધારો અમલ માટે ફેર વિચારણા કરી હકારાત્મક અભીગમ સાથે સુધારેલ પુરવણી વીજબીલ આપી ન્યાય આપવા વિનંતી છે.

સામેવાળા પીજીવીસીએલની રજૂઆત મુજબ કુકમા પેટા વિભાગીય કચેરી હેઠળ આવતા ગ્રાહકશ્રી ગાયત્રી મીનરલ્સ કોન્ટ્રક્ટેડ લોડ-૧૦૦ કિલોવોટ ટેરીફ ઔદ્યોગિક(LMTD-L) હેતુ માટેનું વીજ કનેક્શન ધરાવે છે. ભુજ વિભાગીય કચેરીની ચેકિંગ ટીમ દ્વારા સદર ગ્રાહકનું વીજજોડાણ તા.૨૫/૦૧/૨૦૨૨ ના રોજ ચેકિંગ કરી, એક્યુરસી ટેસ્ટ લેતા સ્થળ પર લાગેલ વીજ મીટર નંબર PG ૦૯૯૪૮૧, ૮૩.૭૦% સ્લો (ધીમું) ફરતું હોવાનું જાણવા મળેલ અને વધુ તપાસણી અર્થે મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં લઇ જવાનું હોતા તા.૨૫/૦૧/૨૦૨૨ના રોજ સદર વીજમીટર સદર સ્થળે પરથી ઉતારી નવું વીજમીટર લગાડવામાં આવેલ.તા.૨૯/૦૧/૨૦૨૨ ના રોજ ગ્રાહકના પ્રતિનિધિની હાજરીમાં સદર વીજમીટરનું મીટર ટેસ્ટીંગ લેબોરેટરી-ભુજમાં પરીક્ષણ કરવામાં આવેલ. ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના વિદ્યુત પુરવઠા સંહિતા અને અનુષંગિક બાબતો વિનિમયો (સપ્લાય કોડ)ના વિદ્યુત જાહેરનામા ક્રમાંક નંબર -૪/૨૦૧૫ની કલમ ૬.૩૩ અનુસાર સ્લો વીજમીટરનું પૂરવણી બીલ રૂ.૧૮૭૪૯૧૪.૩૩ કુકમા પેટા વિભાગીય કચેરી દ્વારા ગ્રાહકને પાઠવવામાં આવેલ પરંતુ ગ્રાહકશ્રી દ્વારા સર રકમની ચુકવણી કરવામાં ન આવતા દર મહિને આપવામાં આવતા વીજબીલમાં આ રકમ પાછલી બાકી રકમ વીજબીલમાં આવે છે. ગ્રાહકશ્રીને કુકમા પેટા વિભાગીય કચેરી દ્વારા આપવામાં આવેલ સ્લોનેશ ના બીલની નકલ,પીઆરટી ,ચેકિંગ આ સાથે સામેલ છે.

સદરહુ ૧૬/૦૨/૨૦૨૩ની CGRF મીટીંગમાં થયેલ ચર્ચા મુજબ પીજીવીસીએલ દ્વારા સદરહુ અરજદારને આપવામાં આવેલ સ્લોનેશ બીલ આકરાયેલ MDની રીવાઈઝ ગણતરી નીચે મુજબ રજુ કરેલ છે.

| Month | Billed MD as per slowness | To be billed MD |
|---|---|---|
| Aug21 | 172 | 100 |
| Sep-21 | 172 | 100 |
| Oct-21 | 166 | 100 |
| Nov-21 | 202 | 100 |
| Dec-21 | 148 | 100 |
| Jan-22 | 377 | 100 |

ઉપરોક્ત MD રીવાઈઝ થતા રીવાઈઝડ સ્લોનેશનું બીલ રૂ.૧૬૮૯૨૨૮.૮૩ થાય છે.

બન્ને પક્ષકારોની રજૂઆત જોતા મોટા ભાગની હકીકત સદરહુ ગ્રાહકનું મીટર પીજીવીસીએલ દ્વારા તા.૨૫/૦૧/૨૦૨૨ના રોજ ચેક થતા એક્યુરસી ટેસ્ટ લેતા સદરહુ મીટર ૮૩.૭૦% સ્લો (ધીમું) ફરતું હોવાનું માલુમ પડેલ છે. ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના વિદ્યુત પુરવઠા સંહિતા અને અનુષંગિક બાબતો વિનિમયો (સપ્લાય કોડ)ના વિદ્યુત જાહેરનામા ક્રમાંક નંબર -૪/૨૦૧૫ની કલમ ૬.૩૩ અનુસાર સ્લો વીજમીટરનું પૂરવણી બીલ રૂ.૧૮,૭૪,૯૧૪.૩૩ ગ્રાહકને આપવામાં આવેલ છે.સદરહુ ગ્રાહકની રજૂઆત મુજબ એમને અપાયેલ છ માસનું બીલ અને ગણતરીમાં લેવામાં આવેલ MD ની ફિક્સ ચાર્જમાં વસુલાત એ બન્નેમાં બે રીતે અન્યાય કર્તા છે.સદરહુ ગણતરીમાં લેવાયેલા MD બાબતે રીવાઈઝ ગણતરી પીજીવીસીએલ દ્વારા રજુ કરવામાં આવેલ છે અને સદરહુ સ્લોનેશનું છ માસનું બીલ GERC Supply Code 4/15ની કલમ નં.૬.૩૩ મુજબ આપવામાં આવેલ છે જે યોગ્ય છે.

-: હુકમ:-

બન્ને પક્ષકારોની રજૂઆત બાદ હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

સદરહુ અરજદારને નવી MD ની ગણતરી મુજબનું રીવાઈઝ બીલ દીવસ-૭ માં આપવું .

અરજદારની અરજી અંશત : મંજુર કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ કવામાં આવતો નથી.

આ હુકમ આજ તા.૧૬/૦૨/૨૦૨૩ ના રોજ જાહેર કર્યો .

| (આર.જી.કુંપાવત) | (પી.સી.કાલરીયા) | (બી.પી.બૂચ) |
|---|---|---|
| સ્વતંત્ર મેમ્બર | મેમ્બર ટેક | ચેર પર્સન |

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ-કચ્છ.

નોંધ:

(૧) અરજદાર આ હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિવસ ૩૦માં વિધ્યુત લોકપાલમાં રજુઆત કરી શકે છે. આ સાથે વિધ્યુત લોકપાલમાં રજુઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો- ૨૦૧૧ જાહેરનામાં નં.૦૨/૨૦૧૧ ની કલમ૩.૧૭ મુજબ ની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ રજુઆત લોકપાલ સ્વીકારશે. કલમ૩.૧૭ (૮) મુજબ ફરીયાદી એ જરૂરી હોય તો ફોરમના હુકમ નામાં સંદર્ભમાં પરવાનેદાર પાસે એકતૃત્તીયાંશ રકમ જમાં કરાવી હોય અને કરેલ ચુકવણી સાબીતી રજુ કરી હોય તો જ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલનું સરનામું : વિધ્યુત લોકપાલની કચેરી. જુના પાવરહાઉસ કમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણ બાગ રાજકોટ ૩૬૦૦૦૧.

નવું સરનામું :- જીલ્લા સેવા સદન - ૩
૩ ફ્લોર - બ્લોક નંબર - ૧
ગર્વમેન્ટ પ્રેસ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૧